યુવા-શિક્ષણ-રોજગાર

ડેઈલી કરન્ટ અફેર્સ

24 કલાકની સૌથી મોટી બાબતો

ઓસ્ટ્રેલિયા ભારતને ત્રણ પ્રાચીન તમિલ કલાકૃતિઓ પરત કરશે

1. ઓસ્ટ્રેલિયાની સરકારે તમિલનાડુથી ત્રણ પ્રાચીન કલાકૃતિઓ ભારતને પરત કરવાનો નિર્ણય લીધો છે. આમાં 11મી-12મી સદીની નંદીની ગ્રેનાઈટ પ્રતિમા, ભદ્રકાલી દર્શાવતી 11મી સદીની કાંસ્ય ત્રિશૂળ અને ભગવાન મુરુગન (સ્કંદ) ની 12મી સદીની બેસાલ્ટ પ્રતિમાનો સમાવેશ થાય છે.

2. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની ન્યુઝીલેન્ડની મુલાકાત પહેલા, ન્યુઝીલેન્ડના પ્રધાનમંત્રી ક્રિસ્ટોફર લક્સને જાહેરાત કરી હતી કે ભારતમાં થતી 57% નિકાસ હવે 'ટેરિફ-ફ્રી' (ડ્યુટી-ફ્રી) રહેશે. બંને દેશો વચ્ચેના મુક્ત વેપાર કરાર (FTA) હેઠળ, 95% માલ પર કસ્ટમ ડ્યુટી નાબૂદ કરવામાં આવશે.

3. યુએસએ સીરિયાને 'સ્ટેટ સ્પોન્સર્સ ઓફ ટેરરિઝમ' યાદીમાંથી દૂર કરવાની યોજના જાહેર કરી છે. આ નિર્ણય 45 દિવસની કાનૂની સમીક્ષા પછી અમલમાં આવશે. આ યાદીમાંથી દૂર થવાથી સીરિયા પર લાદવામાં આવેલા નાણાકીય અને લશ્કરી નિકાસ પ્રતિબંધો હટાવી લેવામાં આવશે, જેનાથી તે વૈશ્વિક અર્થતંત્રમાં ફરીથી એકીકૃત થઈ શકશે.

• કરારો

4. ભારત અને ઓસ્ટ્રેલિયાએ સંરક્ષણ, ઉર્જા અને શિક્ષણ જેવા ક્ષેત્રોમાં 18 કરારો પર હસ્તાક્ષર કર્યા. આમાં મુખ્ય કરારો સંરક્ષણ સહયોગ અને 'દરિયાઈ સુરક્ષા સહકાર રોડમેપ' પર છે. ઓસ્ટ્રેલિયા હવે ભારતને યુરેનિયમ સપ્લાય કરશે, જેનાથી ભારતની પરમાણુ ઉર્જા સુરક્ષા મજબૂત થશે.

• પરીક્ષણ

5. DRDO એ ઓડિશાના ચાંદીપુરમાં ટેસ્ટ રેન્જથી 'પિનાકા લોંગ-રેન્જ ગાઈડેડ રોકેટ'નું સફળતાપૂર્વક પરીક્ષણ કર્યું. આ રોકેટે ઓછામાં ઓછા 60 કિમીની રેન્જ પર લક્ષ્યને સચોટ રીતે હિટ કર્યું. તેને 'આર્મમેન્ટ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ એસ્ટાબ્લિશમેન્ટ' (ARDE) દ્વારા વિકસાવવામાં આવ્યું હતું.

6. 'ટાઈમ આઉટ' દ્વારા બહાર પાડવામાં આવેલા 2026 માટે વિશ્વના 10 સૌથી ખુશ શહેરોની યાદીમાં રાજસ્થાનની રાજધાની જયપુર છઠ્ઠા સ્થાને રહી, જેનાથી તે ટોચના 10માં સ્થાન મેળવનાર એકમાત્ર ભારતીય શહેર બન્યું. બાથ (ઈંગ્લેન્ડ) શહેર યાદીમાં ટોચ પર છે, ત્યારબાદ પનમા સિટી બીજા સ્થાને છે અને ગુઆડાલજારા (મેક્સિકો) ત્રીજા સ્થાને છે. આ સર્વેમાં 24,000 થી વધુ લોકોએ ભાગ લીધો હતો અને સંસ્કૃતિ, સમુદાય ભાવના અને સુખાકારીના આધારે શહેરોને ગ્રેડ આપ્યા હતા.

ગુજરાત યુનિ.એ કેમ્પસની સુરક્ષા માટે વિવિધ વિભાગોને જવાબદારી સોંપી

અમદાવાદ । ગુજરાત યુનિ.એ વિદ્યાર્થીઓ અને કર્મચારીઓની સુરક્ષા સુનિશ્ચિત કરવાના ભાગરૂપે મહત્વનો નિર્ણય લીધો છે. કેમ્પસના તમામ અનુસ્નાતક ભવનોની સુરક્ષાની જવાબદારી હવે સંબંધિત વિભાગોને સોંપાઈ છે. આ સાથે જ સિક્યુરિટી એજન્સીને સૂચના આપવામાં આવી છે કે કેમ્પસમાં અનધિકૃત વ્યક્તિ, શંકાસ્પદ પ્રવૃત્તિ કે અજાણી વસ્તુ જણાય તો તાત્કાલિક કાર્યવાહી કરવામાં આવે. રજીસ્ટ્રારે તમામ વિભાગના વડા અને એસ્ટેટ વિભાગને પત્ર લખી તેમના પડકારો અને આયોજન અંગેનું 7 સ્લાઈડનું પાવરપોઈન્ટ પ્રેઝન્ટેશન 15 જુલાઈ સુધીમાં મોકલી આપવા જણાવ્યું છે.

પૂરક પરીક્ષાના પરિણામ બાદ ફરી શરૂ થયેલી જીકાસની પ્રક્રિયા 15 જુલાઈ સુધી ચાલશે

MSUમાં કોમર્સમાં બેઠક ફુલ, પૂરક પરીક્ષાઓમાં પાસ વિદ્યાર્થીને સાયન્સ-આર્ટ્સ, હોમ સાયન્સનો જ વિકલ્પ

અન્ય ફેકલ્ટીઓમાં પ્રવેશ પરીક્ષાઓ પૂર્ણ થઈ ગઈ હોવાથી એડમિશન નહીં મળે

એજ્યુકેશન રિપોર્ટર, વડોદરા

પૂરક પરીક્ષાના પરિણામ બાદ જીકાસની પ્રક્રિયા 15 જુલાઇ સુધી ચાલશે. જોકે પૂરક પરીક્ષામાં પાસ થયેલા વિદ્યાર્થીઓ માટે માત્ર 3 જ વિકલ્પ સાયન્સ, આર્ટ્સ અને હોમ સાયન્સ જ બચ્યાં છે. કોમર્સમાં પ્રવેશ ફુલ થઈ જતાં પૂરક પરીક્ષાના વિદ્યાર્થીઓને પ્રવેશ નહિ મળે. યુનિવર્સિટીની અન્ય ફેકલ્ટીઓમાં પ્રવેશ પરીક્ષા હોવાથી પૂરક પરીક્ષામાં પાસ થયેલા વિદ્યાર્થીઓ એડમિશન મેળવી શકશે નહિ.

મ.સ. યુનિવર્સિટીમાં શૈક્ષણિક વર્ષ 2026-27 માટે પ્રવેશ પ્રક્રિયા હવે તેના અંતિમ પડાવ તરફ આગળ વધી રહી છે. ગુજરાત સ્ટેટ સેન્ટ્રલ એડમિશન સિસ્ટમ દ્વારા પૂરક પરીક્ષામાં પાસ થયેલા વિદ્યાર્થીઓ માટે ઓનલાઈન ફોર્મ ભરવાની અને કોલેજ પસંદગીની પ્રક્રિયા આગામી 15 જુલાઈ સુધી ચાલનાર છે. જોકે પૂરક પરીક્ષા પાસ કરીને એમ. એસ. યુનિવર્સિટીના કેમ્પસમાં પ્રવેશ મેળવવા ઈચ્છતા વિદ્યાર્થીઓ માટે હવે સીટોની સ્થિતિ અત્યંત કપરી બની ગઈ છે.

મળતી માહિતી મુજબ યુનિવર્સિટીની સૌથી લોકપ્રિય એવી કોમર્સ ફેકલ્ટીમાં તમામ બેઠકો રેગ્યુલર રાઉન્ડમાં જ ફુલ થઈ ગઈ છે. કોમર્સમાં એડમિશન સંપૂર્ણપણે પેક થઈ જતાં હવે પૂરક પરીક્ષામાં પાસ થઈને આવેલા વિદ્યાર્થીઓને કોમર્સમાં કોઈ પણ સંજોગોમાં પ્રવેશ મળી શકશે નહીં. આ ઉપરાંત એમ.એસ. યુનિવર્સિટીની અન્ય મહત્ત્વની ફેકલ્ટીઓમાં પણ પૂરક પરીક્ષાના વિદ્યાર્થીઓ ફોર્મ ભરી શકશે નહીં. કારણ કે, તે ફેકલ્ટીમાં પ્રવેશ મેળવવા માટેની સત્તાવાર પ્રવેશ પરીક્ષાઓ અગાઉ જ પૂર્ણ થઈ ચૂકી છે.

કોમર્સ માટે મ.સ.યુનિવર્સિટી સિવાય પ્રવેશ લેવો પડશે, અન્ય કોલેજમાં ખાલી જગ્યા શોધવી પડશે

કોમર્સ માટે વિદ્યાર્થીઓએ એમ.એસ.યુનિવર્સિટી સિવાયની કોલેજમાં પ્રવેશ લેવો પડશે. વિદ્યાર્થીઓએ વડોદરા સિવાયના જિલ્લામાં જ્યાં સરકારી કોલેજમાં જગ્યા ખાલી હોય ત્યાં પ્રવેશ માટે ફોર્મ ભરવાનો વારો આવશે. કોમર્સમાં જે વિદ્યાર્થીઓને પ્રવેશ મળ્યો નથી તેમના માટે આર્ટ્સ ફેકલ્ટીમાં પ્રવેશ મેળવવાની તક છે. આર્ટ્સ ફેકલ્ટીમાં 600 જેટલી બેઠકો ખાલી પડેલી છે.

ગત વર્ષે પ્રવેશ પ્રક્રિયાનાં 32 રાઉન્ડ કરાયાં હતાં

આ વખતે જીકાસ દ્વારા કરવામાં આવતી પ્રવેશ પ્રક્રિયા જુલાઇમાં જ પૂરી થઇ જશે. છેલ્લાં 2 વર્ષથી અનેક રાઉન્ડ કરવાનો વારો આવ્યો હતો. ગત વર્ષે પ્રવેશ પ્રક્રિયાનાં 32 રાઉન્ડ કરાયાં હતાં, જ્યારે આ વર્ષે 5 રાઉન્ડમાં પ્રક્રિયા પૂરી થઈ જશે. જોકે આ વખતે વ્યવસ્થિત મેનેજમેન્ટને પગલે પ્રક્રિયા જુલાઇમાં જ પૂરી થશે.

કેમ્પસ અપડેટ

CCDCમાં વર્ગ-1, 2, 3ની મુખ્ય પરીક્ષાના તાલીમ વર્ગો 21મીથી શરૂ

સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં સફળતાના હેતુથી સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કેરિયર કાઉન્સેલિંગ એન્ડ ડેવલપમેન્ટ સેન્ટરે 21 જુલાઈથી વિવિધ સરકારી ભરતીની મુખ્ય (Mains) પરીક્ષાઓ માટેના વિશેષ કોચિંગ વર્ગોનું આયોજન કર્યું છે. નાયબ માહિતી નિયામક (વર્ગ-1), સહાયક માહિતી નિયામક (સંપાદન, વર્ગ-2) તેમજ સિનિયર સબ એડિટર અને માહિતી મદદનીશ (વર્ગ-3) ની મુખ્ય પરીક્ષા આપનારા ઉમેદવારોને તાલીમ આપવામાં આવશે. 20મી સુધીમાં રજિસ્ટ્રેશન કરવું પડશે.

ધો.8થી 12ના છાત્ર AI, ચિપ ડિઝાઈન, પાઈથન સહિતના કોર્સીસ શીખી શકશે

CBSEએ બદલાતા સમય સાથે તાલ મિલાવવા NIELIT ડિજિટલ યુનિવર્સિટી પ્લેટફોર્મ પર 19 ઓનલાઈન કોર્સ તદ્દન મફતમાં ઉપલબ્ધ કરાવવામાં આવ્યા છે. આ અદ્યતન કોર્સનો મુખ્ય ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓમાં ડિજિટલ કૌશલ્ય, પ્રોગ્રામિંગ ક્ષમતા અને નવી ટેક્નોલોજીની સમજ વિકસાવવાનો છે, જેથી તેઓ આગામી સમયની ટેક્નિકલ જરૂરિયાતો અને વૈશ્વિક સ્પર્ધા માટે તૈયાર થઈ શકે. ધોરણ 8થી 12ના વિદ્યાર્થીઓ ઘરે બેઠા ભણી શકશે. આ તમામ 19 ઓનલાઈન કોર્સ વિશેષ રૂપે ધોરણ 8થી 12માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે તૈયાર કર્યા છે.

NCB-CBSEની સ્કૂલોને ડ્રગ-ફ્રી બનાવવા યોજના ઘડાઈ

પેરેન્ટિંગ કેલેન્ડર: ફોનનો ઉપયોગ, ગુડ-બેડ ટચ, પરીક્ષામાં તાણમુક્તિની તાલીમ અપાશે

રૂબરૂ સંવાદ, વર્કશોપ સહિતની પ્રવૃત્તિ પર ભાર

એજ્યુકેશન રિપોર્ટર | સુરત

બદલાતા સમય, ટેકનોલોજીના આક્રમણ અને શિક્ષણ વ્યવસ્થામાં આવી રહેલા ક્રાંતિકારી પરિવર્તનો વચ્ચે બાળકોનો ઉછેર પડકારજનક બન્યો છે. આ સ્થિતિમાં વાલીઓ અને સ્કૂલો વચ્ચેના તાલમેલને એક નવી ઊંચાઈ પર લઈ જવા સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન (CBSE) એ શૈક્ષણિક સત્ર 2026-27 માટે નવું 'પેરન્ટિંગ કેલેન્ડર' લોન્ચ કર્યું છે.

નેશનલ એજ્યુકેશન પોલિસી 2020 અને NCFSE 2023 ના વિઝનને અનુરૂપ તૈયાર કરાયેલું આ કેલેન્ડર ડિજિટલ યુગના ખતરાઓ સામે વાલીઓને સજ્જ કરતું એક મજબૂત કવચ છે. સ્ક્રીન ટાઈમ, ગુડ-બેડ ટચથી લઈને બોર્ડ એક્ઝામના સ્ટ્રેસ મેનેજમેન્ટની બાળકો અને વાલીઓને પ્રેક્ટિકલ તાલીમ અપાશે.

સુપ્રિમ કોર્ટના આદેશના આધારે સ્કૂલોમાં વિદ્યાર્થીઓના માનસિક સ્વાસ્થ્ય, સાયકોલોજીકલ ડિસ્ટ્રેસ ઓળખવા અને ઈમોશનલ રેગ્યુલેશન માટે વાલીઓને સેન્સિટાઈઝ કરવા આ વર્ષે વિશેષ ભાર મૂકાયો છે. CBSEએ નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરો (NCB) સાથે એમઓયુ કર્યા છે.

જેના ભાગરૂપે સ્કૂલોને 'ડ્રગ-ફ્રી' રાખવા માટે કેલેન્ડરમાં સબસ્ટન્સ અવેરનેસ (નશા મુક્તિની જાગૃતિ) અને પ્રિવેન્ટિવ એજ્યુકેશનના ખાસ મુદ્દા વણી લેવામાં આવ્યા હોવાનું જાણવા મળ્યું છે.

કેલેન્ડરમાં ડિજિટલ સ્પેસની બહાર નીકળીને ફેસ-ટુ-ફેસ (રૂબરૂ) સંવાદ, વર્કશોપ્સ અને પીઅર મેન્ટરિંગ પ્રોગ્રામ્સ પર વધુ ભાર મૂકાયો છે. ખાસ કરીને દિવ્યાંગ અથવા વિશેષ જરૂરિયાતવાળા બાળકો માટે 'ઇન્ક્લુઝિવ પેરન્ટિંગ' (સમાવેશી ઉછેર) અને બદલાતા શિક્ષણ માહોલ સાથે અનુકૂલન સાધવા 'કોપિંગ વિથ ચેન્જીસ' (બદલાવોનો સામનો કરવો) જેવા અત્યંત જરૂરી સેક્શન ઉમેરવામાં આવ્યા છે.

JMI: MSc બાયો-ટેક્નોલોજી માટે 20મી જુલાઈ સુધી અરજી થશે

એજ્યુકેશન રિપોર્ટર | નવી દિલ્હી

જામિયા મિલિયા ઈસ્લામિયા (JMI) એ 2026-28ના સત્ર માટે MSc બાયોટેકનોલોજી પ્રોગ્રામ માટે પ્રવેશ પ્રક્રિયા શરૂ કરી છે. admission.jmi.ac.in પર 20 જુલાઈ સુધી અરજી કરી શકાશે. પ્રવેશ GAT-B 2026ના સ્કોર આધારિત હશે. 10 બેઠક ઉપલબ્ધ છે. ઉમેદવારોએ B.Pharm, BSc બાયોટેકનોલોજી, બાયોલોજિકલ સાયન્સ, બાયોકેમિસ્ટ્રી, માઈક્રોબાયોલોજી, જિનેટિક્સમાં ઓછામાં ઓછા 50% મેળવ્યા હોવા જોઈએ.

ધો.9 અને 11ના નાપાસ વિદ્યાર્થીને ફરી તક, 15 દિવસમાં પુનઃ પરીક્ષા

તમામ સ્કૂલોને ગુજરાત બોર્ડના પરિપત્રનું પાલન કરવા આદેશ

એજ્યુકેશન રિપોર્ટર | સુરત

ગુજરાત બોર્ડ દ્વારા ધો.9 અને ધો.11ના વર્ગબઢતીના નિયમોમાં સુધારો કરાયો છે. અત્યાર સુધી આ ધોરણમાં નાપાસ થનાર માટે પુનઃ પરીક્ષાની જોગવાઈ નહોતી. પરંતુ રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-2020 અન્વયે વિદ્યાર્થીઓને પરિણામ સુધારવાની તક મળે તે હેતુથી બોર્ડે વર્ષ 2023-24થી નવો નિયમ લાગુ કર્યો છે.

આ સુધારા મુજબ, વાર્ષિક પરીક્ષામાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓ માટે નવું શૈક્ષણિક વર્ષ શરૂ થયાના 15 દિવસમાં જ પુનઃ પરીક્ષા લેવાની રહેશે અને તેના આધારે વર્ગબઢતી આપવામાં આવશે. બોર્ડની શૈક્ષણિક સમિતિની બેઠકમાં આ મહત્વપૂર્ણ નિર્ણય લેવાયો હતો. નવા સુધારા મુજબ, વિદ્યાર્થી જે વિષયોમાં નાપાસ થયો હશે, તેની જ પરીક્ષા આગામી શૈક્ષણિક વર્ષની શરૂઆતના 15 દિવસમાં શાળાએ લેવાની રહેશે.

દરેક સૈદ્ધાંતિક વિષયમાં પાસ થવા માટે કુલ 200 ગુણમાંથી 66 ગુણ (એટલે કે 100 માંથી 33 ટકા) મેળવવા ફરજિયાત છે. પ્રથમ અને દ્વિતીય પરીક્ષા 50-50 ગુણની અને વાર્ષિક પરીક્ષા 80 ગુણની રહેશે, જ્યારે 20 ગુણ આંતરિક રહેશે. જો કોઈને પાસ થવામાં ગુણ ખૂટતા હોય, તો આચાર્ય વધુમાં વધુ 15 ગુણની મર્યાદામાં 'સિદ્ધિ ગુણ' અને મહત્તમ 10 ગુણની મર્યાદામાં 'કૃપા ગુણ' આપી શકશે. વિદ્યાર્થીઓની શાળામાં હાજરી 100% ફરજિયાત છે, પરંતુ માંદગી કે ખાસ સંજોગોમાં આચાર્ય 15 ટકા સુધીની, જિલ્લા શિક્ષણાધિકારી 15થી 25 ટકા અને સચિવ 26 ટકા કે તેથી વધુની હાજરીની છૂટ મંજૂર કરી શકે છે. પારદર્શિતા જાળવવા ઉત્તરવહીઓ વિદ્યાર્થીઓ-વાલીઓને બતાવાશે.

સીએમએમાં 5 વર્ષમાં 11 પરીક્ષામાં સૌથી વધુ 81.98% પરિણામ મળ્યું

એજ્યુકેશન રિપોર્ટર | અમદાવાદ

ICMIએ લીધેલી કોસ્ટ મેનેજમેન્ટ એકાઉન્ટસ ફાઉન્ડેશન જૂન-2026ની પરીક્ષાનું અમદાવાદનું પરિણામ 81.98 ટકા જાહેર થયું છે.

5 વર્ષમાં લેવાયેલી 11 પરીક્ષાના પરિણામાનું આ સૌથી વધુ છે. જેમાં અમદાવાદના મનોજ પટેલે ઓલ ઈન્ડિયા લેવલ પર 9મો રેન્ક મેળવ્યો છે. તે 400માંથી 364 માર્ક્સ મેળવી WIRCમાં પણ ટોપર બન્યો છે.

સીએમએ ફાઉન્ડેશન-જૂન-2025માં અમદાવાદ સેન્ટરની પરીક્ષામાં 585 વિદ્યાર્થીમાંથી 470 વિદ્યાર્થી પાસ થતા 80.34 ટકા પરિણામ નોંધાયુ હતું.

જાહેર નોટીસ કેસ નં. ૧૬/૨૦૨૬

શ્રી એફ.સી.સોની, મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ વડોદરા શહેર(દક્ષિણ)ની કોર્ટમાં

વાદી:- સંધ્યાદેવી સંજયકુમાર રહે. રામદેવનગર, જુઆઇડીસી કોલોની, મકરપુરા, વડોદરા. વિરૂધ્ધ પ્રતિવાદી:- જન્મ-મરણ અધિકારીશ્રી, વડોદરા મહાનગર સેવાસદન માંજલપુર સ્પોર્ટસ કોમ્પલેક્ષ, વડોદરા

વિષય : જન્મ/મરણ અધિનિયમ-૧૯૬૯ ની કલમ -૧૩(૩) મુજબ જન્મનો દાખલો આપવા બાબત. આથી તમામ લાગતા વળગતા શ્રસમોને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અરજદારશ્રી સંધ્યાદેવી સંજયકુમાર રહે. રામદેવનગર, જુઆઇડીસી કોલોની, મકરપુરા, વડોદરાનાઓએ પોતાના પુત્ર નામે કેશવ નો જન્મ તા. ૦૧/૦૫/૨૦૨૩ ના રોજ માતા સંધ્યાદેવી દ્વારા રામદેવનગર, મકરપુરા, વડોદરા ખાતે થયેલ છે. તેની નોંધણી જન્મ-મરણ અધિકારીશ્રી વડોદરા મહાનગર સેવાસદન, માંજલપુર, વડોદરા ખાતે થયેલ નથી. જેથી અરજદારશ્રીના જન્મ અંગેની નોંધણી અંગે જે કોઇને વાંધો યા તકરાર કોય તેમણે અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦માં જાતે અથવા અંગત પોતાના વકીલ મારફત હાજર રહેવું.તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો તેમની ગેરહાજરીમાં કોર્ટ દ્વારા આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની સર્વે નોંધ લેવી. આજરોજ તા. ૨૯/૦/૨૦૨૬ ના રોજ સહી તથા કોર્ટના સિક્કો કરી આપેલ છે. (એફ.સી.સોની) મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ વડોદરા શહેર(દક્ષિણ)

ઓન લાઈન ટેન્ડર નોટીસ નંબર-૧ સને ૨૦૨૬-૨૭

વીએમસી સ્પોર્ટસ પ્રમોશન ફાઉન્ડેશન, સમા સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ વડોદરા (૦૨૬૫—૨૯૮૮૦૬૬) ની ક્રેચીએથી બેડમીન્ટન હોલ તથા સ્વિમિંગપુલ અરેના ખાતે કલર નું કામ કરાવવા માટે અનુભવી ઈજારદારશ્રીઓ પાસેથી ઓનલાઈન ટેન્ડર મંગાવવામાં આવે છે. ઓનલાઈન ટેન્ડર ભરવાની છેલ્લી તા.૨૩—૦૭—૨૦૨૬ સાંજના ૦૬:૦૦ કલાક સુધી વેબસાઈટ https://tender.nprocure.com પર ઉપલબ્ધ થશે. કામની નિવિદા www.statetenders.gujarat.gov.in માહિતી ખાતાની વેબસાઈટ પર જોવા મળશે. હવે પછીના સુધારા ઓન લાઈન જોવાના રહેશે.

(માહિતી-વડો-૪૨૮-૨૬-૨૭)

જાહેર નોટીસમાં સુધારો

આથી જાહેર જનતાને જણાવવાનું કે તા. ૭-૭-૨૬ના રોજ દિવ્ય ભાસ્કર દૈનિક પત્રના પાન નં. ૭ ઉપર છપાયેલ જાહેર નોટીસમાં મોજે નુરપુરી નવો રે.સ.નં. ૩૬ શરતયુક્તથી લખાઈ ગયેલ છે. જે નવો સર્વે નં.૩૫ છે જેની જાહેર જનતાએ નોંધ લેવી. તા. ૯-૭-૨૦૨૬, સ્થળ : વડોદરા

સુષ્મા પંચાલ (એડવોકેટ એન્ડ નોટરી)

સુલૈમાની કો. ઓપરેટીવ બેંક લી.
ભોગલવાડા, વડોદરા-૧૭.
૮૬મી વાર્ષિક સાધારણ સભાની સૂચના

સુલૈમાની કો. ઓ. બેંક લીમીટેડ, વડોદરાના તમામ સભાસદોને જણાવવાનું કે **બેંકની ૮૬ મી વાર્ષિક સાધારણ સભા તારીખ: ૧૯-૦૭-૨૦૨૬ ના રોજ સવારે ૧૦.૦૦ કલાકે શરાફી હોલ, પ્રતાપનગર, વડોદરા ખાતે** મળશે. આથી બેંકનાં તમામ સભાસદોને હાજર રહેવા વિનંતી છે. સભાસદોએ ઓળખપત્ર સાથે લાવવા ફરજિયાત છે. કાર્યસૂચિ અને અગત્યની નોંધ બેંકના નોટીસ બોર્ડ પર મુકવામાં આવેલ છે. વાર્ષિક અહેવાલની નકલ હેડ ઓફીસ તેમજ નાગરવાડા અને ફતેહપુરા શાખાથી મેળવી શકાશે.

નોંધ:
(૧) બેન્કના સરવૈયા અગર હિસાબો બાબત જે સભાસદો ને માહિતી જોઇતી હોય તેમણે સામાન્ય સભાના પાંચ દિવસ પહેલા બેંકની મુખ્ય કચેરી (હેડ ઓફિસ)ને લેખીત જાણ કરવી. ત્યાર પછી આપેલ તેમજ ચાલુ સભામાં રજૂ કરેલ પ્રશ્ન ધ્યાનમાં લેવામાં આવશે નહી. તેની નોંધ લેવા વિનંતી.

ભોગલવાડા, વડોદરા
તા. ૦૯-૦૭-૨૦૨૬

બોર્ડ ઓફ ડીરેક્ટર્સના આદેશથી
જનરલ મેનેજર
સુલૈમાની કો.ઓ. બેન્ક લી. વડોદરા.

જાહેર ચેતવણી

અમો દિનેશભાઈ ધનાભાઈ પટેલ, ૨/૨૦, મોટી ખડકી, રામજી મંદિરની પાસે, ભોજ, વડોદરાના તે બાજુના ફોટામાં દર્શાવેલ અમારા પુત્ર નામે પ્રિતેશકુમાર દિનેશભાઈ પટેલ અમારા કહ્યામાં રહ્યાં નથી અને અમારી મરજી વિરૂધ્ધ તેમની મન મરજી મુજબ જીવન જીવે છે, અને અમારા ઘરનો ત્યાગ કરેલ છે. તેથી અમોએ તેઓ સાથેના તમામ સંબંધોનો અંત લાવેલા છે તેમજ તેઓએ અમારી સ્થાવર તેમજ જંગમ મિલકત માંથી તેઓએ અમોએ કલમી બેદખલ કરેલ છે તેઓ સાથે અમારા કે અમારા કુટુંબીજનો ના નામે કોઈએ કોઈપણ જાતના નાણાંકીય કે અન્ય વ્યવહારો કરવા નહી અને કરશો તો તેની જવાબદારી જે તે ઈસમની રહેશે. તેની નોંધ લેવી. સહી/

હિરેન આર. ઠોક્સી (એડવોકેટ/નોટરી) મો. ૦૯૪૨૭૦૧૪૨૬

-: જાહેર નોટીસ :-

નગર રચના યોજના નં.૨૯/ઈ(કુમેઠા)

આથી જાહેર જનતાને જણાવવાનુ કે, મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૨૯/ઈ (કુમેઠા)ની હદમાં સમાવિષ્ટ કરવામાં આવેલ જમીનોના જમીનમાલીકોને, હિત ધરાવતી વ્યક્તિઓને મંજુર થયેલ મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૨૯/ઈ (કુમેઠા)ની દરખાસ્તોની વિગતોની જાણ અત્રે ઉપલબ્ધ સરનામા પ્રમાણે વ્યક્તિગત નોટીસ દ્વારા કરવામાં આવેલ છે તેમ છતાં કોઈને સરનામામાના અભાવે કે બીજા કારણોસર મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૨૯/ઈ (કુમેઠા)ની દરખાસ્તોની વિગતની જાણ કરતી નોટીસ મળેલ ન હોય, તો તેવી વ્યક્તિ/ઈસમોને આ જાહેર નોટીસ થી જણાવવામાં આવે છે કે, મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૨૯/ઈ (કુમેઠા)ની દરખાસ્તો અન્વયે જે કોઈ વ્યક્તિઓ/હિત ધરાવતી વ્યક્તિઓને મૌખીક/લેખીત રજુઆત કરવાની હોય તેવી વ્યક્તિએ આ નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી દિન-૧૦ (દસ)માં નીચે જણાવેલ સરનામે જરૂરી આધાર પુરાવા સાથે રજુઆત કરવા વિનંતી છે. તેમ છતાં રજુઆત કરવામાં આવશે નહી તો અત્રેથી લેવામાં આવેલ નિર્ણય જે તે જમીન માલિકો/હીત-સંબધ ધરાવતી વ્યક્તિઓને બંધનકર્તા રહેશે. જેની નોંધ લેવા વિનંતી છે.

ઉપરોક્ત નગર રચના યોજના નં. ૨૯/ઈ (કુમેઠા)ની ચતુ:સીમા તથા યોજનામાં સમાવિષ્ટ જમીનોની વિગત નીચે મુજબ છે.

મોજ:- કુમેઠા ગામના બ્લોકનંબર. (રે.સ.નં.) :-

૪૩૧/અ, ૪૩૧/બ પૈકી, ૪૩૩પૈકી, ૪૩૮/બ, ૪૩૮/અ, ૪૩૯, ૪૩૭/અ, ૪૩૭/બ પૈકી, ૪૩૬ પૈકી, ૪૪૦/બ, ૪૪૦/અ, ૪૩૫ પૈકી, ૪૪૧, ૪૪૨ પૈકી, ૪૪૪/૧ પૈકી, ૪૬૧/૧, ૪૬૧/૨, ૪૬૨/૩, ૪૬૨/૨, ૪૬૨/૧, ૪૬૩, ૪૬૬, ૪૬૫, ૪૬૪, ૪૬૩/અ, ૪૬૩/બ, ૪૬૦, ૪૪૮પૈકી, ૪૫૯, ૪૪૯ પૈકી, ૪૯૯ પૈકી, ૪૫૦, ૪૫૮, ૪૫૭/બ, ૪૫૭/અ, ૪૫૬, ૪૬૮, ૪૬૯, ૪૩૦/અ, ૪૩૦/બ, ૪૩૧/૧/બ, ૪૩૧/૧/અ, ૪૩૧/૨, ૪૩૨/અ, ૪૩૨/બ, ૪૫૪/અ, ૪૫૪/બ, ૪૫૫, ૪૫૧/અ, ૪૫૧/બ, ૪૫૨/અ, ૪૫૨/બ, ૪૫૩ પૈકી, ૪૯૫, ૪૯૬પૈકી, ૪૯૭/૧ પૈકી, ૪૯૭/૩ પૈકી, ૪૯૭/૪ પૈકી, ૪૯૨/અ, ૪૯૨/બ, ૪૯૩/અ, ૪૯૩/બ, ૪૯૪/અ, ૪૯૪/બ, ૪૯૧, ૫૦૧પૈકી, ૪૩૩, ૪૩૪, ૪૩૫, ૪૩૬/૧, ૪૩૬/૨, ૪૩૭, ૪૩૮, ૪૩૯, ૪૮૦/૧, ૪૮૦/૨, ૪૮૦, ૪૯૦, ૪૮૯, ૪૮૮, ૪૮૭, ૪૮૬, ૪૮૪, ૪૮૫, ૪૮૩, ૪૮૨, ૪૮૧/અ પૈકી, ૪૮૧/બ, ૪૮૧/૯, ૪૮૧/૮, ૪૮૧/૭, ૪૮૧/૬, ૪૮૧/૫/અ, ૪૮૧/૫/બ, ૪૮૧/૪, ૪૮૧/૩, ૪૮૧/૨, ૪૮૧/૧વિગેરે; યોજનામાં સમાવિષ્ટ થતી કેનાલની સંપાદિત જમીનો, કાંસ, માર્ગ, નાળિયા, સીમાડો નીમે વિગેરેની જમીન (ગામતળ સિવાય).

સ્થળ:-વડોદરા.
તા.૦૯-૦૭-૨૦૨૬

સીલ

કચેરીનું સરનામુ:
પ્રવર નગર નિયોજકશ્રીની કચેરી,
જુની વોર્ડ ઓફીસ નં.૦૯, સુભાનપુરા સબ પોસ્ટ ઓફીસની પાછળ, હાઇટેન્શન રોડ, સુભાનપુરા, વડોદરા-૩૯૦૦૨૩

—સહી—
નગર રચના અધિકારી,
નગર નિયોજક-૨,
વડોદરા નગર રચના યોજના,
વડોદરા.

(માહિતી-વડો-૪૩૫-૨૬-૨૭)

જાહેર સમન્સ કોમર્શિયલ સિવિલ સુટ નંબર : ૨૩૬/૨૦૨૫

મે. વડોદરાના ૨૨માં એડિ.સિનિયર સિવિલ જજ (સિ.વિ.ભટ્ટ) સાહેબની કોર્ટમાં
રૂમ નં. ડી-૧૯, ત્રીજો માળ, નવી કોર્ટ, દિવાળીપુરા, મુ. વડોદરા.

અરજદાર/વાદી : બેંક ઓફ બરોડા — વાદી તરફ વકીલ : શ્રી એમ.ડી.જોશી

વિરૂધ્ધ

સામાવાળાપક્ષ/પ્રતિવાદી : (૧) મે.અંબિકા ટ્રેડર્સ નામની પેઢીના માલિક કામીનીબેન વિનયભાઈ બ્રહ્મભટ્ટ (૨) વિનય ગુણવંતરાય બ્રહ્મભટ્ટ
ઠેકાણું : ૯૦૨, સ્નેહ ટાવર, શ્રીમ ગેલેક્ષી, બ્રાઇટ કે સ્કુલ પાછળ, વડોદરા.

પ્રતિવાદી નં-૧ અને ૨ ને માલુમ થાય કે વાદીએ તેઓની સામે રૂ. ૧૩,૫૧,૨૫૦.૮૫/- વસુલ મેળવવા કોમર્શિયલ દાવો દાખલ કરેલ છે. જેથી તમોને ફરમાવવામાં આવે છે. કે સદર દાવાના કામે સુનાવણી/જવાબ આપવા તમારે જાતે કે તમારા વકીલ અથવા મુખત્યારે તા. ૨૦/૦૭/૨૦૨૬ ના રોજ હાજર રહેવું. જો તેમ કરવામાં કસુર થયેથી તમારી ગેરહાજરીમાં સદર દાવાની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની નોંધ લેશો. આજ રોજ તારીખ : ૧૦/